
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# યુગપરિવર્તનમાં જ્ઞાનયજ્ઞની ભૂમિકા



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## યુગપરિવર્તનમાં જ્ઞાનયજ્ઞની ભૂમિકા

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

મનુષ્યના શરીરમાં બે ચીજો છે – એક એની કાયા અને બીજી ચેતના. કાયાનો સંબંધ ખાવાપીવા તથા ઊંઘવા-જાગવા સાથે છે. થોડા ઘણા લોકો સાથે તેનો સંબંધ છે. જે રીતે પશુનું ટૂંકું જીવન માત્ર શરીર સાથે જ સંબંધિત રહે છે એ જ રીતે મનુષ્યનું જીવન પણ જો માત્ર શરીર પૂરતું જ મર્યાદિત રહે તો એમ જ માનવું જોઈએ કે

મનુષ્ય તેના જીવનનું કોઈ મહત્વ સમજી ના શકયો અને તેના જીવનનો કોઈ ઉદ્દેશ પૂરો ન થઈ શકયો, ખાધુંપીધું અને બાળકો પેદા કર્યા તથા એ બાળકોના લાલનપાલનની જવાબદારીઓમાં ફસાઈ રહ્યા. શું આ તે કંઈ  જીવન છે ? ના, આ જીવન નથી. આ તો સાવ તુચ્છ અને પશુઓ જેવું નારકીય જીવન છે.

માનવીય ચેતના-વિચારશીલતા જ જીવન છે. મનુષ્ય પાસે જે વિશેષતા અને મહત્તા છે તેનાથી તે પોતે ઉન્નતિ કરે છે અને સમાજની પણ ઉન્નતિ કરે છે. તેના અંતરને, જેને હું ચેતના કહું છું અંતરાત્મા કહું છું, વિચારણા કહું છું તે જ માણસને ઊંચે ઉઠાવે છે, તેને મહાન બનાવી શકે છે, શાંતિ આપી શકે છે તથા તેને સમાજ માટે ઉપયોગી બનાવે  છે. માણસના વિચારવાની રીત કેવી છે તે જ તેનું અસલ સ્વરૂપ છે. માણસ તેની લંબાઈથી નાનો કે મોટો નથી હોતો. જે માણસની માનસિક કક્ષા નીચી છે, જે ઊંચા સિદ્ધાંતો કે ઊંચા આદર્શો અંગે વિચારી શકતો નથી, માત્ર પેટ ભરવા અને સંતાન પેદા કરવા સુધી મર્યાદિત હોય છે તેને નાનો માણસ કહેવાય છે. તેની સરખામણી કોઈ જીવજંતું કે દેડકા સાથે કરીએ તો એમાં કોઈ આશ્ચર્ય  નથી. કીડીમંકોડામાં તેની ગણતરી કરીએ તો કોઈ વાંધો નથી.

મનુષ્યના સ્તર તથા ગૌરવનો આધાર તેના ઊંચા વિચારો પર રહેલો છે. જ્યારે માણસના વિચાર ઊંચા હોય છે ત્યારે તેના જીવનમાં દેવત્વનાં દર્શન થાય છે. તે ગરીબ હોય તો ય શું અને અમીર હોય તો પણ શું ? ગરીબીથી શો ફેર પડે છે ? અમીરીમાં જવની રોટલી ખાઈ શકે છે અને ગરીબીમાં મકાઈનો રોટલો ખાઈ શકે છે. એમાં શરમ જેવી કોઈ બાબત નથી. અમીર માણસ રેશમી કપડાં પહેરી શકે છે, તો ગરીબ માણસ જાડા કાપડનાં કપડાં પહેરે છે. એનાથી માણસના સ્તરમાં રતીભાર પણ ફેર પડતો નથી.

મનુષ્યના ઉચ્ચ કે નીચા સ્તરનો આકાર એની વિચારવાની રીત પર રહેલો છે. મનુષ્યની મહાનતાનો આધાર પણ એના પર જ રહેલો છે. મનુષ્યની શાંતિ અને ગૌરવનો આધાર પણ એના પર ટકેલો છે. પરલોકનો આધાર પણ એના પર જ રહેલો છે. સમાજ માટે તે ઉપયોગી છે કે બિનઉપયોગી છે તે પણ એના પર જ આધારિત છે. આથી આપણે એ બાબત તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે માણસની વિચાર કરવાની રીત બદલાઈ જાય . ભૂતકાળમાં આપણા દેશના નાગરિકોના વિચારવાનો સ્તર ખૂબ ઊંચો હતો. શિક્ષણ તથા બીજાં માધ્યમો દ્વારા અથવા ધર્મ અને અધ્યાત્મના માધ્યમ દ્વારા એવો પ્રયત્ન કરવામાં આવતો હતો કે માણસ હંમેશા ઉચ્ચ કક્ષાનું વિચારે. તેના વિચાર, તેની ઇચ્છાઓ તથા આકાંક્ષાઓ અને તેની મહત્વાકાંક્ષાઓ નીચ પ્રાણીઓ જેવી બનવાના બદલે મહાપુરુષો જેવી બને. જ્યારે આવા પ્રયાસો કરવામાં આવતા હતા ત્યારે આપણા દેશનું સ્થાન કેટલું ઊંચું હતું. અહીંના નાગરિકો દેવતા કહેવાતા હતા.

આપણો દેશ દુનિયાને સ્વર્ગ જેવો લાગતો હતો. આ મહાનતા અને વિશેષતાને અખંડ રાખવા માટે ધર્મ અને અધ્યાત્મનો સમગ્ર ઢાંચો ઊભો કરવામાં આવ્યો હતો. ધર્મ અને અધ્યાત્મ મૂળ વસ્તુ નથી. મનુષ્ય ઊંચું વિચારે અને એ ઊંચાઈ જળવાઈ રહે તે માટે એક વાડ કરવામાં આવી છે, એક ઢાંચો ઊભો કરવામાં આવ્યો છે. આ ઉચ્ચ વિચાર કરવા એ જ ધર્મને, આ જ અધ્યાત્મ છે અને ઈશ્વર પણ આ જ છે.

## ધર્મ તથા અધ્યાત્મનો ઢાંચો અને ઉદ્દેશ્ય

ઈશ્વર વિશે ઘણું બધું લખવામાં આવ્યું છે અને કહેવામાં પણ આવે છે. તેને ઝીણવટથી જોયું અને વિચાર્યું કે પૂજા પાઠથી માંડીને ઈશ્વરની લીલાઓનો હેતુ શો છે, તો એનું એક જ પ્રયોજન જોવા મળ્યું છે કે ઈશ્વર પરબ્રહ્મ, એક અપાર અને નિયામક શક્તિ છે તથા તે માણસનાં કાર્યોને જુએ છે.

માણસના આચારવિચાર પ્રમાણે તે ફળ આપે છે. માણસ એની પ્રશંસા કરે કે ના કરે તેની સાથે એને કોઈ નિસબત નથી. પૂજાપાઠ સાથે પણ કોઈ મતલબ નથી. એને ગાળો દો તો પણ કોઈ વાંધો નથી. પણ મેં એવો વિચાર કર્યો કે તો પછી આ પૂજાપાઠથી માંડીને ધર્મ તથા અધ્યાત્મનું માળખું શા માટે ઊભું કરવામાં આવ્યું છે ? એનો ફકત એક જ ઉદ્દેશ્ય છે કે તેનાં બંધનોમાં રહીને માણસ ઊંચા વિચાર કરતાં શીખે, આદર્શ વિચારોની પોતાના મન અને અંતરમાં સ્થાપના કરે.

આ મનુષ્યથી મોટામાં મોટી સેવા છે અને એના જીવનની મહાતમ સફળતા છે. એના મનમાં જો ઉચ્ચ કક્ષાના વિચારો રહેતા હોય, જે એના જીવનને પવિત્ર બનાવી દે અને એના દોષ દુર્ગુણોને દૂર કરી દે, એને ઉદાર બનાવે અને તેને સ્વાર્થપરાયણતા તથા સંકુચિતતામાંથી બહાર કાઢે, તેના વર્તુળને પોતાના શીર તથા કુટુંબથી આગળ વધારે, માત્ર પોતાનાં સંતાનોથી આગળ વધારે અને એવા વિશાળ હૃદયવાળો બનાવે કે તે સમગ્ર સમાજનું અંગ બની જાય અને સમગ્ર સમાજની પીડાને પોતાની પીડા માને, સમાજની સગવડોને પોતાની સગવડો માને, સમાજનાં કષ્ટોને પોતાનાં માને અને સમાજસેવા કરતો રહે. જો માણસનો સ્તર આટલો ઊંચો બની જાય તો સમજવું જોઈએ કે એ ધાર્મિક છે, અધ્યાત્મવાદી છે અને સાચો ઈશ્વરભકત છે.

## દરેક કામ ઊંચા દૃષ્ટિકોણથી કરો.

આપણું દાર્શનિક માળખું આ જ આધારે ઊભું થયું છે. જો લોકોનો સ્તર એ પ્રમાણેનો રહેશે તો લોકો જે કામ કરશે તેનાથી શાન વધશે, તેનાથી સુખસગવડો પેદા થશે.

ઈમાનદાર માણસ જો વેપાર ધંધો કરશે તો તેનાથી સમગ્ર જનતાને ખૂબ લાભ થશે અને તેનાથી વસ્તુઓ ખરીદનારને ખૂબ સંતોષ થશે.

એકીબીજા પ્રત્યે પ્રેમ અને વિશ્વાસનો ભાવ વધશે. વેપાર હોય તોય શું અને શિક્ષણકાર્ય હોય તોય શું ? માણસ મજૂરી કરતો હોય કે બીજું ગમે તે કામ કરે, પરંતુ જો તે સારા દૃષ્ટિકોણથી કરે તો તે નાનું કામ પણ સમાજ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે અને તેનાથી માણસની શાન અને ગૌરવ વધે છે. પછી દરેક માણસ એવો પ્રયત્ન કરશે કે હું સારા કામ કરું અને એનાથી મારી ઇજ્જત વધે. પૈસા ઓછા મળતા હોય કે વધારે, પણ લોકો તેનું કામ જોઈને કહેશે કે કોઈક માણસે આ કામ ખૂબ દિલચસ્પી અને મહેનતપૂર્વક કર્યું છે.

એનાથી લોકોની દૃષ્ટિમાં એની ઇજ્જત વધશે તથા પોતાને પણ સમજાશે હું ઈમાનદાર, શરીફ, પ્રામાણિક, કર્તવ્યપરાયણ તથા વચનનો પાકો છું. આની ઉપર જ માણસની ઉચ્ચતા આધારિત છે.

### સાધનોનો સ્તર હલકો બન્યો

આ ઉચ્ચતાને જાળવી રાખવા માટે, વિવેકશીલતાને જાળવી રાખવા માટે માણસને ઊંચો ઉઠાવે એવા વિચારોની જરૂર છે. આપણી પાસે વિચાર કરવા માટે જે સાધનો તથા ક્રમ છે તે બધાં જ અસ્તવ્યસ્ત અને ભ્રષ્ટ થઈ ગયાં છે.

તમે સાહિત્ય જોયું છે કે ? જ્યારે હું સાહિત્યની દુકાને જાઉં છું અને પ્રેસમાં કચરાપટ્ટી જેવું સાહિત્ય છપાતું જાઉં છું. સામયિકો જોઊં છું ત્યારે એવું થઈ જાય છે કે એ બધાને સળગાવી દઉં કે પછી મારી આંખો તથા મારું માથું ફોડી નાખું. શું આ તે કાંઈ સાહિત્ય છે કે જે માણસને અધઃપતન તરફ લઈ જાય છે ?

જ્ઞાન વધારવા માટેનાં જે કોઈ સાધનો આપણે જોઈએ છીએ, કલાને જોઈએ છીએ તથા બીજી વસ્તુઓને જોઈએ છીએ, અરે ! ધર્મ તથા અધ્યાત્મના નામે જે શિખામણો તથા સલાહો આપવામાં આવે છે, જે ઉપદેશ આપવામાં આવે છે તે એટલાં ગંદાં તથા ફૂવડ જેવા હોય છે કે એ ધર્મ તથા પૂજાપાઠની, કથાપુરાણોની ચોપડીઓને ભેગી કરીને એમાં દીવાસળી ચાંપી દઉં કે પછી એમને જપ્ત કરી લઉં.

ભાગવતથી માંડીને કેટલીય એકબીજાથી વિરોધી ચોપડીઓ છે. તેમાં એવો કચરો ભરેલો છે કે જે માણસને ઊંચે લઈ જવાના બદલે નીચે પાડે છે, તેના ચરિત્રને ભ્રષ્ટ કરે છે તથા માણસને હલકી પ્રેરણા આપે છે. આપણે જોઈએ છીએ કે મનુષ્યની બુદ્ધિને તથા તેની સમજણને નીચે પાડવા માટે ચારેય દિશાઓમાં કચરો જ ભેગો થયેલો છે. એના લીધે માણસ હલકી કક્ષાનો બનતો જાય છે.

માણસને ઊંચે લઈ જવા માટે એવા સાધનોની જરૂર છે કે જે માણસના વિચારોમાં હકારાત્મક પરિવર્તન લાવે, તેને ઉચ્ચ કક્ષાનો બનાવે, શ્રેષ્ઠ બનાવે, શાનદાર બનાવે, તેનામાં દ્વિજત્વની ભાવના પેદા કરે. એક એવું કલેવર અને માળખું ઊભું કરવું જોઈએ, જેનાથી માણસની વિચારવાની રીત ઉચ્ચ તથા શ્રેષ્ઠ બને.

જ્યારે લોકો શ્રેષ્ઠ બનશે તો આપણી રાજનીતિ સુધરશે. જો લોકો શ્રેષ્ઠ બનશે ત્યારે વ્યાપાર સારો અને સાચો થશે. નાગરિકો જો શ્રેષ્ઠ બનશે તો પોતાના કુટુંબ તથા પરિવારમાં ખૂબ પ્રેમ, ઇજ્જત અને શાનથી રહેશે. જ્યારે માણસ શ્રેષ્ઠ નાગરિક બનશે તો એમનાં સંતાનો કેટલાં શ્રેષ્ઠ બનશે ! જો લોકો શ્રેષ્ઠ બનશે તો એમની આવકનો ઉત્તમ કાર્યોમાં ઉપયોગ કરશે. માણસ જાણે સ્વર્ગમાં રહેતો હોય એવું અનુભવશે. જો લોકોનો સ્તર ઊંચો થશે તો સમાજમાં શાંતિની સ્થાપના થશે.

## વિચારશૈલી બદલો

આથી આપણા માટે માનવજાતની સેવાનું સૌથી મોટું કામ એ છે કે માણસની વિચારવાની શૈલીને ઉત્કૃષ્ટ બનાવવા માટે યોજનાબદ્ધ રીતે કામ કરવું.

એનું પહેલું કદમ એ છે કે માણસની વિચારવાની શૈલીમાં ધરમૂળથી ફેરફાર કરવો. પાછલાં હજાર વર્ષોમાં ભયંકર સામંતવાદથી માંડીને પંડાવાદ છવાઈ રહ્યા. આપણા ધર્મની ઉપર પંડાવાદનું વર્ચસ્વ રહ્યું. એમાં એવી કોશિશ કરવામાં આવી કે માણસને બૌદ્ધિક દૃષ્ટિએ ગુલામ બનાવી દેવો કે જેથી તેની ચુગાલમાં ફસાયેલા ચેલાઓને, ભગતોને, ધર્મપ્રેમીઓને બરાબર ઉલ્લુ બનાવીને ઠગી શકાય. બૌદ્ધિક ક્ષેત્રમાં પણ એવો પંડાવાદ છવાઈ રહ્યો કે તેણે મનુષ્યની કોઈ સેવા તો ના કરી, પરંતુ ધર્મના નામે, અધ્યાત્મના નામે, તીર્થ યાત્રાના નામે, પૂજાપાઠના નામે મનુષ્યને સાવ મૂઢ તથા અંધવિશ્વાસુ બનાવી દીધો, તેને અનૈતિક બનાવી દીધો. પંડાવાદને કારણે સમાજને ખૂબ નુકસાન થયું. જે રીતે પંડાવાદથી અપાર નુકશાન થયું એ જ રીતે રાજસત્તા દ્વારા પણ ખુબ નુકશાન થયું. તેમને આપણે સામંત કહી શકીએ, રાજા કહી શકીએ કે ડાકુ કહી શકીએ. એ લોકોએ માત્ર પોતાના મહેલો, અય્યાશી અને ભોગવિલાસ માટે સમાજનું ખૂબ શોષણ કર્યું અને એવા પ્રયત્નો કર્યા કે લોકો વિચારશીલ ના બની જાય અને લોકો અનીતિ સામે બળવો ના પોકારે, ન્યાય ના માગે. એ લોકો આપણું સમર્થન શા માટે કરે ? પંડાઓએ પણ એવો પ્રયત્ન કર્યો કે લોકો સમજદાર ના બની જાય.

જો તેઓ સમજદાર બની જશે તો આપણા હાથમાંથી શિકાર છટકી જશે. સામંતવાદે પણ લોકોને હલકા વિચારો કરવાનું શીખવ્યું કારણ કે જો લોકો વિચારશીલ, સમજદાર અને ચારિત્રવાન બની જાય તો તેમને પોતાના કાબૂમાં રાખવાનું અને મનમાની કરવાનું મુશ્કેલ બની જાય. બંને બાજુથી એવી કોશિશ કરવામાં આવી કે જેથી લોકોની વિચાર કરવાની શૈલી હલકી બની જાય, લોકો વિચારશૂન્ય બની જાય. આ જ કારણે આપણે હજાર વર્ષો સુધી ગુલામ રહ્યા. એનું કારણ શું હતું ? પંદરસો મુસલમાનો આપણા દેશ પર પઢી આવ્યા અને એક હજાર વર્ષો સુધી આપણી ઉપર એવો એવો જુલમ કર્યો, એવા અત્યાચાર કર્યા કે આખી દુનિયાનાં ઇતિહાસમાં એવું ક્યાંય જોવા મળતું નથી.

આપણે કાયરની જેમ, નિર્માલ્ય લોકોની જેમ, મરેલા લોકોની જેમ એમના અત્યાચારોને સહન કરતા રહ્યા, તેમની સામે જરાય માથું ઉચું ના કરી શકયા, કશું જ ના કરી શકયા. બહુ બહુ તો બસ, ભક્તિની વાત કરી, સૂરદાસનાં ગીતો ગાયા, મીરાંનાં ગીતો ગાયા, રામજીનાં ગીતો ગાયા, બસ, પૂરું થઈ ગયું. ખેલ ખતમ. આ સિવાય બીજું કોઈ ના કરી શકયા. કેમ ? કારણ કે લોકોની વિચારશક્તિનું પતન થઈ ગયું હતું. વિચારોનો સ્તર હલકો થઈ ગયો હતો. એણે આપણને ઘણા લાંબા સમય સુધી ગુલામ રાખ્યા. આજે પણ આપણે બૌદ્ધિક ગુલામીમાં જકડાયેલા છીએ. રાજનૈતિક ગુલામી ભલે દૂર થઈ ગઈ, બૌદ્ધિક ગુલામી તો એવી ને એવી જ છે. બૌદ્ધિક દૃષ્ટિએ આપણે બેહદ ગુલાબ છીએ.

### આપણે હજુ પણ ગુલામ છીએ

સામાજિક કુરિવાજોને જ જુઓને ! છે એમાં કોઈ તથ્ય ? છે કોઈ હકીકત ? છે કોઈ તાર્કિક બાબત ? મારા બાળકનું મુંડન તો અમારી કુળદેવીના સ્થાનકે જ કરવું પડે. તમારી કુળદેવી ક્યાં રહે છે ?

બે હજાર માઈલ દૂર રહે છે. ત્યાં શું કરવા જશો ? બાળકને મુંડન માટે લઈ જઈશું. પછી શુ કરશો ? તે વાળ દેવીને ચઢાવી દઈશું. દેવી એ વાળનું શુ કરશે ? શું વાળને ખાશે ?

શું તે રોટલી નથી ખાતી ? ના, તે તો વાળ ખાય છે. વાળ ના ખવડાવો તો ? એ દેવી બાળકને બીમાર પાડી દેશે અને મારી નાખશે. આ તો દેવી છે કે ડાકણ છે ? આવી ચુડેલોને દેવીઓ બનાવી દેવામાં આવી. કુળ દેવી બનાવી દેવામાં આવી. પાગલ માણસ કલકત્તાથી નીકળે છે, પણ એની કુળદેવી જેસલમેરમાં રહે છે. તે બેચાર હજાર રૂપિયા ફૂંકી મારીને પાછો આવે છે. ત્યાં બાળકનું મુંડન કરાવીને આવે છે અને માને છે કે મેં દેવી પર મોટો ઉપકાર કરી દીધો યા તો દેવીએ મારા પર કૃપા કરી દીધી ! સાવ બુદ્ધુ !

..૯..

આવા પાગલોથી આખો સમાજ ભરેલો છે. બૌદ્ધિક દૃષ્ટિએ ગુલામ એવા આપણા સામાજિક કુરિવાજો કેવા બેહુદા છે ! આ કુરિવાજો આપણું તમામ ધન ખાઈ જાય છે, આપણી બુદ્ધિને ખાઈ જાય છે. કોણ જાણે બીજું શું શું ખાઈ જાય છે ? લોકોમાં અક્કલ નથી, વિવેક નથી. આપણે બૌદ્ધિક દૃષ્ટિએ કેટલા બધા ગુલામ છીએ તે આપણી માન્યતાઓથી જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે જન્મપત્રિકાઓની જ વાત લો. જન્માક્ષરની જંજાળ એવી ઊભી થઈ ગઈ છે કે લાખો કરોડો લોકો એનાથી ઉલ્લુ બને છે. મંગળ નડે છે, રાહુ નડે છે, કુંડળીમાં ચંદ્ર છે, શુક્ર છે, ચંદ્ર જાણે કે નવરો હોય તેમ તેમની પાછળ પાછળ ફરે છે ! એની પાસે બીજું કોઈ કામ જ નથી. ગ્રહો એમને મારી નાખશે, તેમની પૂજા કરશે, એમની પર લક્ષ્મીનો વરસાદ વરસાવશે, એમને નુકસાન પહોંચાડશે. બસ, તેઓ જ જાણે મોટા નવાબ છે ! ચંદ્રમા તેમની જ પાછળ પડી જશે. એક નંબરના બેવકૂફ ! આવી બેવકૂફી અને મૂર્ખાઈનો શું કોઈ અંત જ નથી ? ના, કોઈ અંત જણાતો નથી.

## નૈતિક મૂલ્યોનું પતન થયું છે

સામાજિક કુરિવાજોને ક્યાં સુધી ચાલુ રાખવા ? તે રિવાજોના કારણે નૈતિક મૂલ્યોની બાબતમાં માણસ એટલો બધો પાછળ ધકેલાઈ ગયો છે કે આજે લોકો એવું વિચારવા લાગ્યા છે કે જો બેઈમાની કરીશું તો વધારે માલદાર થઈ જઈશું. કામચોરી કરીશું તો આપણને બઢતી મળશે. આ કરીશું તો આપણું આમ થઈ જશે. ભ્રષ્ટ માણસનું મન એટલું હલકું થઈ ગયું છે કે મને એમ થાય છે કે લોકોની વિચાર કરવાની પદ્ધતિને ધરમૂળમાંથી બદલી નાખું. એક એવો જમાનો પણ આવ્યો હતો કે જ્યારે દરેક માણસની વિચાર કરવાની રીત સાવ હલકી અને નીચ બની ગઈ હતી. પછી શું થયું ? ભગવાને અવતાર લીધો હતો. તે પરશુરામનો અવતાર હતો. પરશુરામે હાથમાં ફરસી લીધી અને તેનાથી લોકોનાં માથાં કાપી નાખ્યાં. એમણે એકવીસવાર લોકોનાં માથાં કાપી નાખ્યાં.

..૧૦..

## માથું કાપવું અર્થાત્ દુર્બુદ્ધિનો ઉપચાર કરવો

મિત્રો , હું વિચાર કરતો હતો કે માથાં કાપી નાખવાનો શો અર્થ છે ? માણસનું માથું કાપી નાખવાથી શું તે બદલાઈ જાય ? મર્યા પછી તો તે ભૂતપલીન બની જશે અને વધારે પરેશાન કરશે. આ રીતે કોઈને મારી નાખવાથી શું થાય ? પછી મગજને, વિચારોને બદલી નાખવાની આલંકારિક વાત મને સમજાઈ. ભગવાન પરશુરામનો અવતાર એટલાં માટે જ થયો હતો કે જો દુર્ગુણોને, લોકોની અક્કલને, અને સમજને બદલી નાખવામાં આવે તો લોકોની નવ્વાણુ ટકા સમસ્યાઓ આપોઆપ જ ઉકલી જશે. વાસ્તવમાં કોઈ સમસ્યા હોતી જ નથી.

માણસની જે કાંઈ સમસ્યાઓ છે તે બધી એની દુર્બુદ્ધિના કારણે પેદા થયેલી છે. સંતાનો નથી થતાં, તો તે ખૂબ સારી બાબત છે. એનાથી વધારે મોટું સૌભાગ્ય બીજું કયું હોઈ શકે ? પતિપત્ની બંને આનંદથી રહો અને પોતાના પૈસાનો સમાજના કલ્યાણ માટે સદુપયોગ કરો અને પ્રસન્ન થાઓ. બાળકોનું પાલનપોષણ કરવાની ઝંઝટ અને જવાબદારી નહિ. તેઓ રહે, હેરાન કરે, સાજાંમાંદાં થાય એવી કોઈ ચિંતા જ નહિ. તેમનાં દવાદારૂની  કોઈ જવાબદારી નહિ. બોલો, છે કોઈ તકલીફ ? ના સાહેબ, અમારે બાળકો નથી, તેથી અમે દુખી રહીએ છીએ. અમારી મનોકામના પૂરી થઈ જાય તો સારું. અમારે ત્યાં બાળક થાય તો બહુ સારું. સાવ બેવકૂફ જેવો છે. લોકોમાં આવી મૂર્ખાઈ રોમેરોમમાં ભરેલી છે. તેમને શું કહેવું ? એમને જાનવર જેવા જ કહી શકાય.

## મનુષ્યે સમજદાર બનવાની જરૂર છે.

આજે માણસ સાવ જાનવર જેવો થઈ ગયો છે. તેને સાચી સમજણ આપવાની જરૂર છે. એના માટે શારીરિક તથા આર્થિક જરૂરિયાતોની વસ્તુઓનો ઢગલો કરી દઈએ તો પણ તેનું રાઈ જેટલું ભલું નહિ થાય. આપણે જોઈએ છીએ કે ગરીબ માણસ દુખી છે, પણ અમીર લોકો તો તેના કરતાં હજારગણા દુખી છે.

તેઓ અનેક મુશ્કેલીઓમાં, સમસ્યાઓમાં તથા કલેશોમાં જીવે છે, કારણ કે એમની પાસે સારું અને સારું વિચારવાની રીત જ નથી. જો તેઓ સારું વિચારી શકતા હોત, ઊંચું વિચારી શકતા હોત તો તેમની પાસે એટલું બધું ધન છે કે તેનાથી સમાજ કલ્યાણનાં અનેક કાર્યો તેઓ કરી શકયા હોત, સમાજનો કાયાકલ્પ થઈ ગયો હોત, પરંતુ તેઓ પુત્રપૌત્રો પાછળ, જમીનજાયદાદ, ઘરેણાં, વગેરેમાં ધનને નષ્ટ કરી નાખે છે.

### સમજદારીનું શિક્ષણ

મિત્રો ! આજે માણસ પાસે કોઈ લક્ષ્ય નથી કે કોઈ દિશા નથી. આપણી પાસે વિદ્યા છે તો આપણે એનું શું કરીએ ? પૈસા છે તો એનું શું કરીએ ? સમાજની સામે ઊભેલી ઢગલાબંધ સમસ્યાઓનો ઉકેલ કઈ રીતે લાવવો તે સમજાતું નથી. આવી બુદ્ધિહીન અવસ્થાને દૂર કરવા માટે લોકોને સમજદારીનું શિક્ષણ આપવું જરૂરી લાગે છે. માત્ર ભૂમિતિ, ઇતિહાસ કે ભૂગોળ શીખવવાને જ સમજદારી કહેવાતી નથી.

જેના દ્વારા માણસ સાચું ચિંતન કરે અને પછી તેનાથી માણસ વ્યક્તિગત જીવનની સમસ્યાઓ, સમાજની સમસ્યાઓ અને આપણ યુગની સમસ્યાઓનું સમાધાન કરી શકે તેને સમજદારી રહે છે. આવી જાણકારીનું નામ જ્ઞાન છે. એક હજાર વર્ષની ગુલામી પછી લોકોની વિચાર કરવાની રીત ભ્રષ્ટ થઈ ગઈ છે.

તેમનો દૃષ્ટિકોણ દૂષિત અને વિકૃત થઈ ગયો છે તેને દૂર કરવામાં આવે અને લોકોને વિચારવાની નવી પદ્ધતિ શીખવવામાં આવે એની આજે સૌથી મોટી જરૂર છે.

વિવેકબુદ્ધિના આધારે શું વિચારવું જોઈએ અને શું ન વિચારવું જોઈએ, શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, કઈ દિશા સાચી છે અને કઈ ખોટી એનું શિક્ષણ આપવું જોઈએ. આવું શિક્ષણ આપવું તે માનવજાતની તથા સમાજની સૌથી મોટી સેવા છે.

..૧૨..

## યુગનિર્માણ યોજનાનો સૌથી મહત્વનો પ્રયાસ

સાથીઓ ! આપણી યુગનિર્માણ યોજનાના યુગપરિવર્તનના કાર્યક્રમમાં સૌથી પહેલું સ્થાન એને જ આપવામાં આવ્યું છે. મેં એવી વિચારધારા અને તેની પદ્ધતિ તથા સંહિતાનું નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો છે કે જે લોકોને ખોટું વિચારવાના બદલે સાચું વિચારવાનું માર્ગદર્શન આપી શકે.

મેં ઢગલાબંધ પુસ્તકો વાંચ્યા છે, પરંતુ એવું સાહિત્ય ક્યાંય જોવા મળતું નથી કે જે માણસને વિચારવાની સાચી રીત બતાવે. સાચું વિચારવાની રીત શીખવવા માટે યુગનિર્માણ યોજનાએ એવું સાહિત્ય એવા ચોપાનિયાં તથા નાની નાની પુસ્તિકાઓ સસ્તી કિંમતે છાપી છે કે તે વાંચ્યા પછી માણસને સ્વતંત્ર કિંમતે છાપી છે કે તે વાંચ્યા પછી માણસને સ્વતંત્ર ચિંતન કરવાની દિશા પ્રાપ્ત થાય.

માણસને એક એવો પ્રકાશ મળે કે આપણા વિચારવાની સાચી રીત કઈ છે, સમાજની સમસ્યાઓનું સાચું સ્વરૂપ શું છે, માણસની સમસ્યાઓનું સાચું કારણ કયું છે, એમનું સમાધાન કઈ રીતે કરી શકાય ? જો આ માર્ગ મળી જાય તો બીમારીઓનું નિદાન થઈ જશે. સમાજમાં ફેલાયેલી વિકૃતિઓનું એકમાત્ર કારણ માણસની ખોટું વિચારવાની રીત છે. જો મનુષ્ય ખોટું વિચારવાની બાબતને જાણી લે અને સાચી રીતે વિચારવાનું શરૂ કરે તો સમસ્યાઓ આપોઆપ ઉકલી જશે.

મિત્રો ! માનવજાત માટે સાધનો ઉત્પન્ન કરવા યુગનિર્માણ યોજનાએ એક પ્રયત્ન શરૂ કર્યો અને એવી વિચારધારાવાળા સાહિત્યનું નિર્માણ કર્યું. માણસને સામાજિક, નૈતિક, બૌદ્ધિક, આર્થિક, કૌટુંબિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ વિશે સ્વતંત્ર ચિંતન કરતાં શીખવવું તે આ યુગની સૌથી મોટી સેવા છે.

આવો પ્રયાસ બીજા કોઈએ કર્યો નથી. આપણી સંસ્થાએ તે શરૂ કર્યો છે. તેના દ્વારા કેટલું સાહિત્ય લખવામાં આવ્યું તથા કેટલા વિચારોનો સમૂહ એકત્ર કરવામાં આવ્યો એનું મૂલ્યાંકન આજની પરિસ્થિતિઓમાં થઈ શકે નહિ.

ઘણા સમય પછી એનું મૂલ્યાંકન થશે ત્યારે લોકો સમજશે કે ખોટી દિશામાં જઈ રહેલા જનસમૂહને સાચી દિશામાં વાળવા માટેનું શ્રેય કોના ફાળે જાય છે. આ વિચાર પરિવર્તન માનવજાતની સૌથી મોટી સેવા છે, ઐતિહાસિક સેવા છે.

યુગનિર્માણ યોજના દ્વારા જ્ઞાનયજ્ઞના માધ્યમ સાથે સંબંધ તથા સંપર્ક રાખનારા લોકોને એવી વિનંતી કરવામાં આવી છે કે લોકોએ પોતાના સમયનો એક અંશ અને પોતાના ધનનો એક અંશ નિયમિતરૂપે કાઢવો જોઈએ. એનો ઉપયોગ લોકોની વિચાર કરવાની રીતને બદલવા માટે કરવો જોઈએ. સમયદાન તથા અંશદાનની આ આવશ્યક શરત મૂકવામાં આવી છે. એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે આ સંગઠનની સાથે જોડાનાર દરેક સભ્ય તેની સભ્ય ફીના રૂપમાં દરરોજ એક કલાકનો સમય આપે અને ઓછામાં ઓછા પાંચ રૂપિયા તો કાઢે જ. પાંચ રૂપિયા સાવ મામૂલી રકમ છે. એટલાં પૈસામાં એક કપ ચા આવે છે. જો માણસ આ જ્ઞાનયજ્ઞની મહત્તા સમજે તો ગરીબમાં ગરીબ માણસ માટે પણ આટલાં પૈસા કાઢવા અઘરા નથી. જો એની મહત્તા ન સમજાય તો એક કાણી કોડી કાઢવી પણ ભારે લાગશે.

## સદ્‌જ્ઞાનના ફેલાવા માટે અંશદાન

દારૂ પીવામાં કે સિનેમા જોવામાં લોકો પચાસ રૂપિયા વાપરી નાંખે છે, પરંતુ જો સારા કામ માટે પૈસા ખર્ચવાનું કહેવામાં આવે તો એક રૂપિયો આપતાં પણ એનો જીવ નીકળી જાય છે. માણસ જે બાબતનું મૂલ્ય નથી સમજતો તેના માટે તે સહેજ પણ ખર્ચ કરી શકતો નથી. જો તે તેનું મૂલ્ય સમજતો હોય તો એકાદ રોટલી જેટલું ધન સહેલાઈથી ખર્ચી શકે છે. એક રોટલી એક રૂપિયામાં આવે છે. કૂતરાને પણ આપણે દરરોજ એકાદ રોટલી નાખી દઈએ છીએ. એક જ રોટી નાખવી કોઈ મુશ્કેલ વાત નથી. જો માણસની સમજમાં એવું આવી જાય કે દુનિયામાં જ્ઞાન નામની પણ કોઈક વસ્તુ છે, જ્ઞાનની પણ ઉપયોગિતા છે. જ્ઞાનનું પણ સમજમાં કોઈક મૂલ્ય છે. જો આ બાબત તેને સમજાઈ જાય તો એને ખબર પડે કે આજના જમાનામાં જ્ઞાન કેટલું જરૂરી છે. આની પહેલાં તેની આટલી બધી જરૂરિયાત કદી અનુભવાઈ નથી.

મિત્રો ! જૂના જમાનામાં લગભગ પચાસ ટકા વિકૃતિઓ હતી, એમાંથી વીસ ટકા બૌદ્ધિક હતી. આજે તો આપણી બુદ્ધિ સોએ સો ટકા વિકૃત થઈ ગઈ છે. કોઈ માણસના મગજને બહાર કાઢીને જોવામાં આવે તથા તેને ચીરીને વાંચવામાં આવે તો ખબર પડશે કે એનો એંશીથી નેવું ટકા ભાગ પાગલ થઈ ગયો છે. તેનું આખું મગજ વિકૃત થઈ ગયું છે. એમાં સાચું વિચારવાની શક્તિ જરાપણ રહી નથી. તેથી આપણે એવો પ્રખર પ્રયત્ન કરવો પડશે કે આપણામાંથી દરેક માણસ એક કલાકનો સમય કાઢી લોકોને એ સાહિત્ય વંચાવે કે સંભળાવે અને પોતે પણ વાંચે.

સમયદાનની સાથેસાથે પચાસ પૈસા કે તેથી વધારે રકમ કાઢવાની જે વાત કહેવામાં આવી છે તેનાથી પણ થોડુંક કામ ચાલશે. કોઈની પાસે બંદૂક હોય, પણ જો કારતૂસ ન હોય તો તે શા કામની ? આપણાં ઘરોમાં નાનકડું પુસ્તકાલય હોવું જ જોઈએ. તે એક સાચી અને મોટી સંપત્તિ છે. કોઈના ઘરમાં ઘરેણાં છે કે નહિ, ગાય ભેંસ છે કે નહિ, ફોટા છે કે નહિ તે વાત મહત્વની નથી. સૌથી પહેલાં એ જોવું જોઈએ કે બૌદ્ધિક ખોરાક પૂરો પાડવા માટે આપણા ઘરમાં પુસ્તકાલય છે કે નહિ ? જે ઘરમાં રસોડું ન હોય કે ખાવા પીવાની વ્યવસ્થા ન હોય તે ઘર કેવું ? એ ઘરમાં લોકો જીવશે કેવી રીતે ? જે રીતે શરીરની ભૂખ હોય છે એ જ રીતે મનની પણ ભૂખ હોય છે અને આત્માની પણ ભૂખ હોય છે. મન અને આત્માની ભૂખ સંતોષવા માટે જે ઘરમાં પુસ્તકાલય ન હોય તે ઘર ભૂતોનું ઘર છે એમ માનવું જોઈએ.

### યોજના નાની, પરંતુ પરિણામ મોટું

ફરતા પુસ્તકાલય, ઝોલા પુસ્તકાલય તથા ઘરના પુસ્તકાલય માટે એક રૂપિયો કાઢવો અને લોકકલ્યાણ માટે એક કલાકનો સમય કાઢવો મુશ્કેલ નથી. જ્ઞાનયજ્ઞ માટે તથા પ્રચારપ્રસાર માટે આ જ આપણી કાર્યપદ્ધતિ છે. આ છે તો નાનકડી યોજના, પરંતુ આ પ્રયત્ન દ્વારા જો સમાજમાં નવું જીવન લાવી શકાય, લોકોની વિચારવાની પદ્ધતિને બદલી શકાય, લોકોની અંદર પ્રાણચેતના પેદા કરી શકાય, તેમનામાં ઉલ્લાસ તથા ઉત્સાહ પેદા કરી શકાય, લોકોને સદ્દચિંતનની દિશા આપી શકાય,

જમાનો અવશ્ય બદલાઈ જશે. જમાનાને બદલવા માટે જ્ઞાનની સૌથી મોટી આવશ્યકતા છે. જો જ્ઞાનની આ મશાલને સળગતી રાખી શકાય તો આપણે માત્ર ભારત વર્ષને જ નહિ., પરંતુ સમગ્ર વિશ્વની પ્રાણી માત્રની તથા જડચેતન તમામની મહાન સેવા કરી શકીશું. આપણો જ્ઞાનયજ્ઞ સાચા અર્થમાં વિશ્વકલ્યાણનો યજ્ઞ છે. તેને ભૌતિક વસ્તુઓ કરતાં હજારગણો કે લાખ ગણો મોટો માનવો જોઈએ અને દરેક વિચારશીલ મનુષ્યે જ્ઞાનયજ્ઞ માટે જવાબદારી નિભાવવા કટિબદ્ધ થવું જોઈએ. ૐ શાંતિ...

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો


સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.



પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩ ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફૅક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.